14:52
Done

# <u>પ્રેસનોટ</u>

## મોબાઇલ સ્નેચીંગના આરોપીઓને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા ઈ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણશોધાયેલ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય અને જે આધારે ઈ,પોલીસ ઇન્સપેકટર શ્રી વી.આર.વસાવા સાહેબ નાઓની સુચના મુજબ તા-૨૨/૦૭/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.એમ.બી.પટેલ તથા સર્વે સ્કોડ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા – ફરતા કલાક ૨૨/૦૦ વાગે. પારસી અગિયારી ત્રણ રસ્તા જાહેર રોડ પર આવતા સાથેના **<u>પો.કો.અભીજીતસિંહ કાકુભા તથા પો.કો.લાલજીભાઈ પરશોતમભાઈ</u>** નાઓને બાતમી હકિકત મળેલ કે," એક કાળા કલરની એકટીવા જેનો RTO નંબર GJ -27-B.D.-6127 પર બે ઈસમો પોતાની પાસે ચોરીના કેટલાક મોબાઈલ ફોન રાખી લઈ <u>કાંકરીયા તળાવ ગેટ-૩ તરફથી</u> આવી અત્રે થઇ પસાર થવાના છે.જે આધારે આરોપીઓ નામે **<u>(૧) રાહુલ સંજયભાઇ ઠાકોર ઉ.વ.૨૭ રહે-રૂગનાથપુરાની રા.દ.બહાર અમદાવાદ શહેર તથા આરોપી નં. (૨) ચંદ્રેશ કનુજી ચાવડા ઉ.વ.૨૬ રહે- સૈયદનું ડેલુ કાપડીવાડ સારંગપુર અમદાવાદ શહેર</u>** નાઓ પાસેથી ત્રણ મોબાઈલ ફોન જેની કિ.રૂ.૧૯,૦૦૦/- તથા એક એકટીવા જેનો આર.ટી.ઓ નંબર GJ 27 BD 6127 નો છે જેની કિંરૂ.૨૫,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૪૪,૦૦૦/- ની મતાનો મુદામાલ સાથે સદરી બન્ને આરોપીઓને પકડી નવરંગપુરા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં. ૫૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૦૬,૧૧૪ મુજબ નો ગુનો ડિટેકટ કરી સારી કામગીરી કરેલ છે.

| | |
|---|---|
|  |  |

Wrap Text